**ફિફા વર્લ્ડકપ આજની મેચો**

| ચેકિયા vs મેક્સિકો | દ. આફ્રિકા vs દ. કોરિયા | કુરાસાઓ vs આઇવરી કોસ્ટ | ઇક્વાડોર vs જર્મની | જાપાન vs સ્વીડન | ટ્યુનિશિયા vs નેધરલેન્ડ |
|---|---|---|---|---|---|
| સવારે 6.30 વાગ્યે | સવારે 6.30 વાગ્યે | રાત્રે 1.30 વાગ્યે | રાત્રે 1.30 વાગ્યે | મળસ્કે 4.30 વાગ્યે | મળસ્કે 4.30 વાગ્યે |

# રોનાલ્ડોના બે ગોલ, પોર્ટુગલે ઉઝબેકિસ્તાનને હરાવ્યું

## રોનાલ્ડો છ વર્લ્ડકપમાં ગોલ કરનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો

**ફિફા** વર્લ્ડકપના 96 વર્ષના ઇતિહાસમાં છ વર્લ્ડકપમાં ગોલ કરનાર રોનાલ્ડો મેચ પછી બોલ્યો 'આઇ એમ બેક'

હ્યુસ્ટન, તા. 24 : પોર્ટુગલે ઉઝબેકિસ્તાન સામે મેળવેલી 5-0ની ભવ્ય જીતમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ બે ગોલ કર્યા હતા. આ સાથે જ તે છ અલગ અલગ વર્લ્ડકપ ટૂર્નામેન્ટમાં ગોલ કરનારો દુનિયાનો પ્રથમ ખેલાડી બની ગયો છે. કોંગો સામેની પ્રથમ મેચમાં 1-1થી ડ્રો થયેલા ખરાબ પ્રદર્શન બાદ આ પ્રદર્શન દ્વારા તેણે ટીકાકારોના મોં બંધ કરી દીધા છે.

રોનાલ્ડોએ મંગળવારે અહીં રમાયેલી વર્લ્ડકપની એક મેચમાં પોર્ટુગલની શાનદાર જીત બાદ જ્યારે અંતિમ વ્હીસલ વાગી ત્યારે ટેલિવિઝન કેમેરાની સામે સીધા જોઈને એક સરળ પણ મજબૂત સંદેશ આપ્યો 'હું પાછો આવી ગયો છું'. મેચની છઠ્ઠી મિનિટે જોઆઓ કેન્સેલોના ક્રોસ પાસ પર રોનાલ્ડોએ જમણા પગે શાનદાર શોટ મારીને પોર્ટુગલને 1-0થી આગળ કરીને આ ઇતિહાસ રચ્યો હતો, તે પછી 39મી મિનિટે બ્રુનો ફર્નાન્ડીઝના પાસ પર રોનાલ્ડોએ ફરીથી જમણા પગે ગોલ કરીને સ્કોર 3-0 કરી દીધો હતો. તેના આ પ્રદર્શન માટે તેને 'મેન ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો.

### રોનાલ્ડો વર્લ્ડકપ ઇતિહાસમાં સૌથી વધુ વયે ગોલ કરનારો બીજો ખેલાડી

ઉઝબેકિસ્તાન સામેની મંગળવારે રમાયેલી મેચમાં પહેલા ગોલ સાથે 41 વર્ષીય સુપરસ્ટાર રોનાલ્ડો ફિફા વર્લ્ડકપમાં ગોલ કરનારો બીજો સૌથી વધુ વય ધરાવતો ખેલાડી બની ગયો છે. આ યાદીમાં કેમરૂનનો ફોરવર્ડ રોજર મિલા પ્રથમ ક્રમે છે, જેણે 1994માં અમેરિકામાં રમાયેલા વર્લ્ડકપમાં 42 વર્ષની ઉંમરે ગોલ કર્યો હતો.

### રોનાલ્ડોની અન્ય સિદ્ધિઓ

**આંતરરાષ્ટ્રીય ગોલ:** રોનાલ્ડોએ પોતાના રેકોર્ડને આગળ વધારતા આંતરરાષ્ટ્રીય સ્તરે ૧૪૫ ગોલ પૂરા કર્યા છે.
**પોર્ટુગલ વતી સર્વાધિક ગોલ :** વર્લ્ડકપમાં તેના 10 ગોલ થતાં તેણે યુસેબિયોના ૯ ગોલના રેકોર્ડને પાછળ છોડી દીધો છે.
**સૌથી વધુ મેચ :** મંગળવારની મેચ રોનાલ્ડોની કારકિર્દીની ૨૩૦મી આંતરરાષ્ટ્રીય મેચ હતી, જે ઇતિહાસમાં સૌથી વધુ છે.

### ફિફા વર્લ્ડકપમાં સૌથી વધુ વયે ગોલ કરનાર ખેલાડી

| ખેલાડી | દેશ | વય | વર્ષ |
|---|---|---|---|
| રોજર મિલા | કેમરૂન | 42 વર્ષ અને 39 દિવસ | 1994 |
| ક્રિસ્ટિયાનો રોનાલ્ડો | પોર્ટુગલ | 41 વર્ષ અને 138 દિવસ | 2026 |
| પેપે | પોર્ટુગલ | 39 વર્ષ અને 283 દિવસ | 2022 |
| લિયોનેલ મેસી | આર્જેન્ટીના | 38 વર્ષ અને 363 દિવસ | 2026 |
| ક્રિસ્ટિયાનો રોનાલ્ડો | પોર્ટુગલ | 37 વર્ષ અને 292 દિવસ | 2022 |



**પોર્ટુગલની** 5-0ની જીતમાં રોનાલ્ડોના બે ગોલ ઉપરાંત નુનો ફર્નાન્ડીઝ, રાફેલ લેઆઓએ ગોલ કર્યા, ઉઝબેકિસ્તાને એક આત્મઘાતિ ગોલ કર્યો

હ્યુસ્ટન, તા. 24 : ફિફા વર્લ્ડકપમાં ગઈકાલે મંગળવારે મોડી રાત્રે રમાયેલી મેચમાં પોતાના છઠ્ઠા વર્લ્ડ કપની નબળી શરૂઆત બાદ શાનદાર વાપસી કરતાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ કરેલા બે ગોલની મદદથી પોર્ટુગલે ઉઝબેકિસ્તાન સામે એકતરફી જીત મેળવીને ફરી એકવાર સાબિત કરી દીધું કે તેઓ ખિતાબના પ્રબળ દાવેદાર છે. કોંગો સામેની પ્રથમ મેચ 1-1થી ડ્રો રહ્યા બાદ, પોર્ટુગલે આ મેચમાં 5-0થી ભવ્ય જીત મેળવી હતી.

આ બે ગોલ સાથે રોનાલ્ડો છ અલગ-અલગ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટમાં ગોલ કરનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો છે. તેને 'મેન ઓફ ધ મેચ' પણ જાહેર કરવામાં આવ્યો હતો. આ જીત સાથે પોર્ટુગલ ગ્રુપ-K માં 4 પોઇન્ટ સાથે આગળ છે.

કોંગો સામેના ખરાબ પ્રદર્શન બાદ કેટલાક ટીકાકારોએ રોનાલ્ડોને પ્લેઇંગ ઇલેવનમાં રાખવા સામે સવાલો ઉઠાવ્યા હતા, પરંતુ કોચ રોબર્ટો માર્ટિનેઝે આ સુપરસ્ટાર પર ભરોસો રાખ્યો અને રોનાલ્ડોએ મેચની છઠ્ઠી જ મિનિટે ગોલ કરીને કોચના નિર્ણયને સાચો સાબિત કર્યો. જોઆઓ કાન્સેલોના ક્રોસ પાસ પર રોનાલ્ડોએ જમણા પગથી શાનદાર ગોલ કરીને પોર્ટુગલનું ખાતું ખોલાવ્યું અને પોતાની આગવી શૈલીમાં 'SIUUU' સેલિબ્રેશન કર્યું. તે પછી 17મી મિનિટે નુનો મેન્ડિસે ફ્રી-કિક દ્વારા ગોલ કરીને સ્કોર 2-0 કર્યો. 39મી મિનિટે બ્રુનો ફર્નાન્ડીઝના પાસ પર રોનાલ્ડોએ પોતાનો બીજો ગોલ કરીને સ્કોર 3-0 કર્યો. તે પછી 60મી મિનિટે ઉઝબેકિસ્તાનના ઓન-ગોલના કારણે પોર્ટુગલ 4-0થી આગળ થયું.

અંતે 87મી મિનિટે સબ્સ્ટિટ્યુટ રાફેલ લેઆઓએ ગોલ કરીને પોર્ટુગલને 5-0થી સરસાઇ અપાવી હતી. મેચની 30મી મિનિટે ઉઝબેકિસ્તાનના મિડફિલ્ડર અઝીઝજોન ગાનિએવે ગોલ કર્યો હતો, પરંતુ વિડીયો રિવ્યુમાં જાણવા મળ્યું કે તે પહેલા અબ્બોસબેક ફૈઝુલ્લાએવે જોઆઓ કાન્સેલો પર ફાઉલ કર્યો હતો, જેથી તે ગોલ રદ કરવામાં આવ્યો હતો.

# ડેનિયલ મુનોઝના ગોલથી કોંગોને હરાવી કોલંબિયા નોકઆઉટમાં

**કોંગોના** મજબૂત ડિફેન્સમાં છેક 76મી મિનિટે છીંડુ પાડીને મુનોઝે કરેલો એકમાત્ર ગોલ નિર્ણાયક બન્યો



ગ્વાડાલહારા, તા. 24 : ફૂટબોલ વર્લ્ડકપમાં મંગળવારે રાત્રે રમાયેલી એક રોમાંચક મેચમાં કોંગોના મજબૂત સંરક્ષણને ભેદીને ડેનિયલ મુનોઝના શાનદાર ગોલની મદદથી કોલંબિયાએ કોંગો સામે 1-0થી વિજય મેળવીને નોકઆઉટ સ્ટેજમાં જગ્યા બનાવી લીધી છે.

મેચની શરૂઆતથી જ કોલંબિયાએ આક્રમક રમત રમી હતી, પરંતુ કોંગોના ગોલકીપર લાયોનલ મ્પાસીએ પ્રથમ 20 મિનિટમાં જ પાંચ મુશ્કેલ બચાવ કરીને કોલંબિયાને રોકી રાખ્યું હતું. જોકે, 76મી મિનિટમાં ડેનિયલ મુનોઝે બોક્સની અંદરથી ડાબા પગે જોરદાર શોટ મારીને ગોલ કર્યો હતો, જે ડિફેન્ડર સાથે અથડાઇને નેટમાં ગયો હતો. મુનોઝનો આ ટૂર્નામેન્ટનો બીજો ગોલ હતો અને તેને 'મેન ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો.

કોલંબિયાના સ્ટાર ફોરવર્ડ લુઇસ ડિયાઝે પણ બીજા હાફમાં બે ગોલ કર્યા હતા, પરંતુ તેમાંથી એક ફાઉલ અને બીજો ઓફસાઇડના કારણે અમાન્ય રાખવામાં આવ્યો હતો. બીજી તરફ, ઇન્જરી ટાઇમમાં કોંગો પાસે સ્કોર બરાબર કરવાની બે શાનદાર તકો હતી, પરંતુ કોલંબિયાના ગોલકીપર કેમિલો વાર્ગાસે ઉત્કૃષ્ટ બચાવ કરીને પોતાની ટીમને જીત અપાવી હતી. આ જીત સાથે ગ્રુપ 'કે' માં કોલંબિયા બે મેચમાં છ પોઇન્ટ સાથે ટોચ પર છે, જ્યારે પોર્ટુગલ ચાર પોઇન્ટ સાથે બીજા ક્રમે છે. હવે કોલંબિયા શનિવારે પોર્ટુગલ સામે ટકરાશે, જ્યાં ગ્રુપમાં ટોચનું સ્થાન જાળવી રાખવા માટે તેને માત્ર ડ્રોની જરૂર છે.

ઉલ્લેખનીય છે કે, 52 વર્ષ બાદ પોતાનો પ્રથમ વર્લ્ડ કપ રમી રહેલી કોંગોની ટીમની તૈયારીઓને દેશમાં ફેલાયેલા ઈબોલા વાયરસના કારણે અસર થઇ હતી અને તેના ઘણા ચાહકો પ્રવાસ કરી શક્યા નહોતા. તેમ છતાં કોંગોએ અગાઉ પોર્ટુગલ સામે 1-1થી ડ્રો રમીને પ્રભાવિત કર્યા હતા અને કોલંબિયા સામે પણ છેલ્લી ઘડી સુધી જોરદાર લડત આપી હતી.

# ઇંગ્લેન્ડ અને ઘાના વચ્ચેની મેચ અંતિમ મિનટોની રોમાંચકતા છતાં ડ્રો

**ઘાનાના** ડિફેન્ડર એવી રીતે ગોઠવાયા હતા કે ઈંગ્લેન્ડની ટીમ તેમના ડિફેન્સમાં છીંડા જ ન પાડી શકી

**અંતિમ** મિનિટોમાં ઈંગ્લેન્ડ પાસે ગોલ કરવાની ઘણી તકો છતાં તેઓ સ્કોર કરવામાં નિષ્ફળ રહ્યા



ફોક્સબોરો, તા. 24 : ઈંગ્લેન્ડ અને ઘાનાના કોચ કાર્લોસ ક્વેરોઝ અગાઉ પણ વર્લ્ડકપમાં આમને-સામને આવી ચૂક્યા છે, પરંતુ તે સમયનું પરિણામ તદ્દન અલગ હતું. આ વખતે, ક્વેરોઝની ટીમે એક પોઈન્ટ મેળવ્યો છે જે તેમને રાઉન્ડ ઓફ 32 માં સ્થાન અપાવવા માટે પૂરતો સાબિત થઈ શકે છે. મંગળવારે રમાયેલી આ મેચમાં વરસાદી માહોલ વચ્ચે ઈંગ્લેન્ડે મોટાભાગનો સમય બોલ પોતાના કબજામાં રાખ્યો હતો, પરંતુ અંતિમ મિનિટોમાં ગોલ કરવાની ઘણી તકો મળવા છતાં તેઓ સ્કોર કરવામાં નિષ્ફળ રહ્યા હતા અને મેચ 0-0થી ડ્રો થઈ હતી.

ઘાનાના કોચ ક્વેરોઝે જણાવ્યું કે, અમારી યોજના પ્રથમ મિનિટથી જ તેમને રોકવાની અને નિરાશ કરવાની હતી.

અમે તે કરી બતાવ્યું. ચાર વર્ષ પહેલાં કતારમાં યોજાયેલા વર્લ્ડ કપમાં ક્વેરોઝ ઈરાનની ટીમના કોચ હતા, ત્યારે ઈંગ્લેન્ડ સામે તેમની ટીમનો 6-2 થી પરાજય થયો હતો.

વર્લ્ડકપના ઈતિહાસમાં ઈંગ્લેન્ડ નવ મેચોમાં ક્યારેય આફ્રિકન દેશ સામે હાર્યું નથી. આ મેચમાં પણ ઈંગ્લેન્ડે ઘાના સામે 19ની સામે માત્ર 1 શૉટનો દબદબો રાખ્યો હતો, છતાં તેઓ છેલ્લી મિનિટોમાં મળેલી તકોનો લાભ ઉઠાવી શક્યા નહીં.

ઈંગ્લેન્ડના મિડફિલ્ડર જુડ બેલિંગહામે કહ્યું કે તેઓ જે રીતે ડિફેન્સ કરી રહ્યા હતા અને જે રીતે મેદાન પર ગોઠવાયા હતા, તેનાથી થોડી નિરાશા થઈ. તેઓ જે હેતુથી રમવા આવ્યા હતા, તે જ પરિણામ મેળવવામાં સફળ રહ્યા. ઘણા બધા કોર્નર, બોલ પઝેશન અને લાંબા અંતરથી લીધેલા શૉટ્સ છતાં અમે તેમનું ડિફેન્સ તોડી શક્યા નહીં.

# આજે બાંગ્લાદેશ સામે ભારત મિડલ ઓર્ડર અને ફિલ્ડિંગની નબળાઈ દૂર કરવા માગશે

**હરમન**, જેમિમા, યાસ્તિકાની નિષ્ફળતાથી ઋચા, દીપ્તિ પર દબાણ વધતા ભારત સારી શરૂઆતનો લાભ લઇ શકતું નથી

**સાંજે** 7.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

માન્ચેસ્ટર, તા. 24 (પીટીઆઈ) : મધ્યમ ક્રમના બેટર્સની નિષ્ફળતા અને નબળી ફિલ્ડિંગને કારણે મહિલા ટી-20 વર્લ્ડકપમાં ભારતનું અભિયાન જોખમમાં મુકાયું છે અને તેથી, તેઓ આવતીકાલે ગુરુવારે અહીં બાંગ્લાદેશ સામેની મેચમાં આ નબળાઈઓને દૂર કરવા માટે ઉત્સુક રહેશે. ભારતે ૧૨ ટીમોની આ ટુર્નામેન્ટમાં પોતાના ટોચના ક્રમના બેટ્સમેનોના ફોર્મ અંગે ચિંતાઓ સાથે પ્રવેશ કર્યો હતો, પરંતુ સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માએ તે ડરને મોટાભાગે દૂર કરી દીધો છે.

મંધાનાએ ત્રણ મેચમાં 159રન બનાવ્યા છે, જ્યારે શેફાલીએ 92 રનનું યોગદાન આપ્યું છે. બંને બેટરનો સ્ટ્રાઇક રેટ 154થી વધુ છે. જોકે, મધ્યમ ક્રમની બેટર્સ સારી શરૂઆતનો લાભ લેવામાં નિષ્ફળ રહી છે, જે ટીમ માટે નવી ચિંતાનો વિષય બની ગયો છે. કેપ્ટન હરમનપ્રીત કૌર, જેમીમા રોડ્રિગ્સ, અને યાસ્તિકા ભાટિયા અત્યાર સુધી અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શકી નથી. ઝડપથી સ્કોર કરવામાં તેમની નિષ્ફળતા ઋચા ઘોષ અને દીપ્તિ શર્મા પર ઝડપથી સ્કોર કરવાનું દબાણ બનાવે છે. ભારત પાસે હવે ત્રણ મેચમાંથી ચાર પોઈન્ટ છે અને તેનો નેટ રન રેટ 2.511 છે. તેમણે પાકિસ્તાનને 64 રનથી અને નેધરલેન્ડ્સને 95 રનથી હરાવ્યું હતું પરંતુ દક્ષિણ આફ્રિકા સામે છ વિકેટથી હારી ગયું હતું.

ઓસ્ટ્રેલિયાએ સતત ચાર જીત સાથે ગ્રુપ A માં ટોચ પર પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે, જેમાં આઠ પોઈન્ટ અને 4.724 ના નેટ રન રેટ છે.

## વન ડે રેન્કિંગ : ગીલ બીજા સ્થાને, ટેસ્ટમાં હેનરી બુમરાહ સાથે બરોબરીએ

દુબઈ, તા. 24 (પીટીઆઈ) : ભારતીય કેપ્ટન શુભમન ગિલ બુધવારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ની બેટ્સમેનોની વન ડે રેન્કિંગમાં ત્રણ સ્થાન ઉપર ચઢીને બીજા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે ન્યુઝીલેન્ડનો ઝડપી બોલર મેટ હેનરી ભારતના જસપ્રીત બુમરાહ સાથે ટેસ્ટ ક્રિકેટમાં વિશ્વનો નંબર વન બોલર બન્યો છે. ગિલ હવે ન્યુઝીલેન્ડના ડેરિલ મિશેલથી માત્ર 24 રેટિંગ પોઈન્ટ પાછળ છે. વિરાટ કોહલી હેમસ્ટ્રિંગની ઈજાને કારણે અફઘાનિસ્તાન સામેની શ્રેણીમાં રમી શક્યો નહીં, જેના કારણે તે ત્રીજા સ્થાને સરકી ગયો. રોહિત શર્મા ચોથા સ્થાને યથાવત છે. શ્રેયસ ઐય્યર એક સ્થાન ઉપર આવીને ૧૪મા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે કેએલ રાહુલ બે સ્થાન નીચે આવીને ૧૧મા સ્થાને પહોંચી ગયો છે. દરમિયાન, ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં ન્યુઝીલેન્ડની 253 રનની જીતમાં 10 વિકેટ લેનાર હેનરીએ બુમરાહના પોઈન્ટની બરાબરી કરી લીધી છે અને સંયુક્ત રીતે નંબર વન પર છે.

# પનામાને હરાવી ક્રોએશિયાએ નોકઆઉટની આશા જીવંત રાખી

**શનિવારે** ઘાના અને ક્રોએશિયા વચ્ચે રમાનારી મેચથી ગ્રુપમાંથી કોણ નોકઆઉટમાં જશે તે નક્કી થશે

ટોરોન્ટો, તા. 24 : જોસિપ સ્ટેનિસિચના એક શાનદાર ક્રોસ પાસ પર મેચની 54મી મિનિટે એન્ટે બુદિમિરે કરેલા ગોલની મદદથી ગઈકાલે મંગળવારે ક્રોએશિયાએ પનામા સામે 1-0થી જીત મેળવીને શનિવારે ઘાના સામે રમાનારી તેની ત્રીજી અને અંતિમ ગ્રુપ-સ્ટેજ મેચ પહેલા નોકઆઉટ રાઉન્ડની રેસમાં યથાવત રહ્યું છે. બીજી તરફ, પોતાની બીજી વર્લ્ડકપ સફરમાં હજુ પણ પ્રથમ પોઈન્ટ મેળવવા માટે સંઘર્ષ કરી રહેલું પનામા આ હાર સાથે ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયું છે.

બીએમઓ ફીલ્ડ ખાતે રમાયેલી આ મેચના ધીમા પ્રારંભિક ઉત્તરાર્ધ પછી, ક્રોએશિયાએ બીજા હાફમાં પનામાની મજબૂત ડિફેન્સ લાઇનને તોડી પાડી હતી. આ દરમિયાન સબસ્ટિટ્યુટ તરીકે મેદાનમાં આવેલા બુદિમિરે રમતમાં આવ્યાની માત્ર ચાર જ મિનિટમાં ગોલ ફટકારી દીધો હતો. તેના ત્રણ મિનિટ બાદ ક્રોએશિયાની ટીમ બીજો ગોલ કરવાની ખૂબ નજીક પહોંચી ગઈ હતી. પોતાની 200મી આંતરરાષ્ટ્રીય મેચ રમી રહેલા 40 વર્ષીય લુકા મોડ્રિચે માર્કો પાસાલીચ તરફ એક શાનદાર પાસ લંબાવ્યો હતો, પરંતુ પનામાના ગોલકીપર ઓર્લાન્ડો મોસ્કેરાએ પાસાલીચના શૉટને અટકાવી દીધો હતો. મેચની 67મી મિનિટે પનામા પાસે સ્કોર બરાબર કરવાની સતત ત્રણ તકો હતી. જોકે, ક્રોએશિયાના ગોલકીપર ડોમિનિક લિવાકોવિચે અદભુત બચાવ કર્યા હતા અને ત્રીજા પ્રયાસમાં તે માંડ-માંડ બોલને હાથ અડાડીને નેટની ઉપરથી બહાર ધકેલવામાં સફળ રહ્યો હતો. હવે ગ્રુપ-L નો અંતિમ નિર્ણય શનિવારે થશે, જ્યાં ઈંગ્લેન્ડ અને ઘાના ચાર-ચાર પોઈન્ટ સાથે બરાબરી પર છે અને ક્રોએશિયા ત્રણ પોઈન્ટ ધરાવે છે.

## વૈભવના ડેબ્યુ પહેલા તેના નાના ભાઈ આશિર્વાદનું બેટિંગ તોફાન

નવી દિલ્હી, તા. 24 : ભારતીય સીનિયર ટીમ સાથે ઈંગ્લેન્ડ પ્રવાસે ગયેલા વૈભવ સૂર્યવંશી ઈન્ટરનેશનલ ડેબ્યુ કરે તે પહેલા તેના નાના ભાઈ 10 વર્ષિય આશિર્વાદે ઘરેલુ ક્રિકેટમાં પોતાની ઈનિંગથી તોફાન મચાવ્યું છે. એક સ્થાનિક ક્રિકેટ મેચ દરમિયાન, આશીર્વાદે વિરોધી બોલરોને બરોબરના ઝુડીને 119 બોલમાં 19 ચોગ્ગા અને છ છગ્ગાની મદદથી શાનદાર 168 રન બનાવ્યા. આશીર્વાદની શાનદાર સદીને કારણે, તેની ટીમે નિર્ધારિત 40 ઓવરમાં 311 રનનો વિશાળ સ્કોર બનાવ્યો.

# વૈભવ સૂર્યવંશીને ઈંગ્લેન્ડ પ્રવાસમાં અલગ ચેન્જ રૂમ મળશે

નવી દિલ્હી, તા. 24 : કિશોર બેટ્સમેન વૈભવ સૂર્યવંશી તેના પ્રથમ સિનિયર ઈન્ટરનેશનલ પ્રવાસ પર એક અનોખો અનુભવ મેળવવા માટે તૈયાર છે. 15 વર્ષીય ખેલાડીને ભારતની ઈંગ્લેન્ડ સામેની આગામી ટી-20 ઈન્ટરનેશનલ સીરિઝ દરમિયાન સલામતી પ્રોટોકોલના ભાગ રૂપે એક અલગ ચેન્જિંગ રૂમ આપવામાં આવશે. પોતાની આક્રમક બેટિંગથી પહેલાથી જ હેડલાઈન્સમાં ચમકી ચૂકેલા સૂર્યવંશીને જો ડેબ્યૂ કરવાની તક મળે તો તે મહાન બેટ્સમેન સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડી ભારતનો સૌથી યુવા ઈન્ટરનેશનલ ક્રિકેટર બનશે. ભારતનો બ્રિટન પ્રવાસ શુક્રવારથી બેલફાસ્ટમાં આયર્લેન્ડ સામે બે મેચની ટી-20 સીરિઝ સાથે શરૂ થશે, ત્યારબાદ આવતા બુધવારથી ઈંગ્લેન્ડ સામે પાંચ મેચની ટી-20 સીરિઝ શરૂ થશે. પહેલી વાર, ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન સૂર્યવંશી માટે ખાસ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવશે. અહેવાલ મુજબ, આઈસીસીના સુરક્ષા નિયમો અને ઈસીબીની માર્ગદર્શિકા હેઠળ, અંડર-16 ખેલાડીઓને પુખ્ત ખેલાડીઓના ચેન્જિંગ રૂમનો ઉપયોગ કરવાની મંજૂરી નથી.

## અમેરિકાએ ઈરાનની વર્લ્ડકપ ટીમ પરના પ્રતિબંધો હળવા કર્યા

વોશિંગ્ટન, તા. 24 : યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ જણાવ્યું હતું કે અમેરિકા ઈરાનની વર્લ્ડકપ ટીમ પર લાદવામાં આવેલા મુસાફરી પ્રતિબંધોને હળવા કરી રહ્યું છે, જેનાથી તેઓ તેમની આગામી મેચના બે દિવસ પહેલા દેશમાં મુસાફરી કરી શકશે. જોકે, વિભાગના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ટીમે શુક્રવારના સિએટલમાં મેચ પછી તરત જ રવાના થવું પડશે. ઈરાન ફૂટબોલ ફેડરેશનના પ્રવક્તાએ પુષ્ટિ આપી હતી કે ટીમ બુધવારે મેક્સિકોના તિજુઆનામાં તેના કેમ્પથી સિએટલ જવા રવાના થશે.

### સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૯ | | ૬ | ૮ | ૫ | | ૩ |
| | ૧ | | | ૭ | | | ૮ | |
| ૮ | | ૫ | ૩ | ૯ | ૧ | | | |
| | ૨ | ૬ | | | ૩ | ૯ | | |
| | ૩ | | | | | | ૫ | |
| ૧ | ૯ | ૮ | ૫ | | ૭ | ૩ | | |
| | ૪ | | ૭ | | | | | |
| | ૫ | ૧ | ૯ | | ૪ | | ૭ | |
| | ૮ | ૭ | | | ૨ | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૯ | ૨ | ૬ | ૮ | ૫ | ૧ | ૩ |
| ૩ | ૧ | ૨ | ૪ | ૭ | ૫ | ૬ | ૮ | ૯ |
| ૮ | ૬ | ૫ | ૩ | ૯ | ૧ | ૭ | ૨ | ૪ |
| ૫ | ૨ | ૬ | ૮ | ૧ | ૩ | ૯ | ૪ | ૭ |
| ૭ | ૩ | ૪ | ૬ | ૨ | ૯ | ૮ | ૫ | ૧ |
| ૧ | ૯ | ૮ | ૫ | ૪ | ૭ | ૩ | ૬ | ૨ |
| ૨ | ૪ | ૩ | ૭ | ૮ | ૬ | ૧ | ૯ | ૫ |
| ૬ | ૫ | ૧ | ૯ | ૩ | ૪ | ૨ | ૭ | ૮ |
| ૯ | ૮ | ૭ | ૧ | ૫ | ૨ | ૪ | ૩ | ૬ |

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**પેશાબની પથરી**

કાંટાશૈલીઓ ના છોડ ધોઈ સૂકવી ચૂર્ણ બનાવી રાખો તેમાંથી બે ગ્રામ ચૂર્ણ રોજ સવાર સાંજ પાણી સાથે લેવું. ત્રીસ દિવસ પ્રયોગ ચાલુ રાખો. ખૂબ પ્રવાહી, પાણી પીવું.

### આજનું પંચાંગ

**તા. 25/06/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** સુદ : અગિયારસ: 20:10- ભીમ એકાદશી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 04
**યોગ :** શિવ **કરણ:** વણિજ
**નક્ષત્ર :** સ્વાતિ : 16:30
**રાશિ :** તુલા (ર.ત.)
**દિવસ :** મિશ્ર - નિર્જલા એકાદશી : ગાયત્રી જયંતી
**સુરતમાં સૂર્યોદય :** 06:00 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
**નવકારસી :** 06:48
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 15મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 9મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુકાળ :** બપોરે 13:30 થી તા. 15:00 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ):** આવક વધારવામાં પરિવારના સાથ મળે. નવા કામ મળે. રોજના કામમાં ઉત્સાહજનક પ્રગતિ થાય.

**વૃષભ(બ,વ,ઉ):** કોઇપણ કામમાં ઉતાવળ કરવી નહી. નોકરીમાં પ્રભાવ વધે. હરીફોની પીછેહઠ થાય. મોસાળ પક્ષનો સાથ.

**મિથુન (ક,છ,ઘ):** નવા રોકાણ થાય. જૂના રોકાણનો લાભ મળે. પરિવાર સાથે સામાજિક પ્રગતિ થાય. સંતાનોના કામમાં મદદ.

**કર્ક (ડ,હ):** જમીન, મકાન, ખેતી, વાહન વગેરેને લગતા કામ પાર પડશે. નોકરીની તલાશ પૂર્ણ થાય.

**સિંહ (મ,ટ):** ઉચ્ચ કક્ષાના લોકોની મુલાકાત અને માર્ગદર્શનથી નવી દિશા મળે. અટકેલા કામ પૂર્ણ થાય.

**કન્યા (પ,ઠ,ણ):** કોઇ માંગલિક કાર્યમાં ભાગ લેવાનું બને. પરિવારમાં આનંદમય વાતાવરણ રહે. ઉઘરાણી આવે.

**તુલા (ર,ત):** શુભ સમાચાર મળે. લાંબી મુસાફરી થાય. ઘરના કામમાં અનુકૂળતા રહે. નોકરીમાં નવી તક મળે.

**વૃશ્ચિક (ન,ય):** માનસિક પીડા સતાવે. પ્રવાસનો હેતુ પાર પડે. કોઇ સમસ્યાનુ સમાધાન થાય. સ્વાર્થીઓથી સાવધાન.

**ધન (ભ,ધ,ફ,ઢ):** આવક વધારવાની યોજનામાં વફાદાર મિત્રોનો સાથ મળે. સંતાનોની સમસ્યા સતાવે. ખર્ચા વધે.

**મકર (ખ,જ,):** કામકાજની જગ્યાએ નવા ફેરફાર થાય. સામાજીક કાર્ય પાર પડે. નોકરીમાં પ્રગતિ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ):** પિતા સાથે ઘર્ષણ ટાળવુ. પિતાના ધંધામા મદદરૂપ બનશો. વિદેશના કામમાં પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ):** માનસિક પીડા વધે. આરોગ્ય નરમ રહે. પડવા-વાગવાથી સાવધાન રહેવું. ધર્મ-કર્મ થાય.

### કોઈ પણ સાલમાં 25 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી પડતીની સાથે હરીફો વધશે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ટેકનોલોજીનો ઉપયોગ વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. સહી-સિક્કા બાબતે સાવધાની રાખવી. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમર લાયકના વિવાહ થાય. તેમજ પ્રેમ વિવાહમાં મદદ મળે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. વિદેશના કામ ધીમા પડે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં કાયદાકીય મદદ મળે. વધારાની આવક માટે મિત્રોની મદદ મળે. યાત્રા પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. આરોગ્ય નરમ રહે. ઉઘરાણી અટકે. સ્ત્રી વર્ગની સમસ્યા વધે. સામાજિક પારિવારિક સમસ્યા સતાવે. જૂન-જુલાઇ, સોમ-ગુરુવાર 07,16,25 તારીખે નવા કામ કરવા. ગુલાબી, સફેદ રંગનો ઉપયોગ કરતા રહેવું. ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર 5,14,23 તારીખે નવા કામ ટાળવા. લાલ અને ઘાટો લીલો રંગ ટાળવો. ચંદ્ર કેતુના ઉપાય કરતા રહેવું.

## ઓસ્ટ્રેલિયાએ પાકિસ્તાનને કારમો પરાજય આપ્યો

લીડ્સ, તા. 24 (પીટીઆઇ) : ઓસ્ટ્રેલિયાએ એલિસ પેરીના ઓલરાઉન્ડ પ્રદર્શનની મદદથી પાકિસ્તાનને 113 રનથી હરાવીને મહિલા ટી-20 વર્લ્ડકપમાં પોતાનો વિજય ક્રમ ચાલુ રાખ્યો હતો. ₹ઓસ્ટ્રેલિયાએ અત્યાર સુધી તેની ચારેય મેચ જીતી છે, પરંતુ સેમી ફાઈનલમાં સ્થાન મેળવવાની ખાતરી નથી. ગ્રુપમાં દક્ષિણ આફ્રિકા અને ભારત પણ ચાર-ચાર જીત મેળવી શકે છે, તેથી અંતિમ ચાર મેચ નેટ રન રેટના આધારે નક્કી કરવામાં આવશે.

# મેદાન બહારના મુદ્દાઓથી પાકિસ્તાન મહિલા ક્રિકેટ ટીમની સમસ્યા વધી

**પાકિસ્તાની** ટીમની કેપ્ટન ફાતિમા સના અને ટીમના માર્ગદર્શક વહાબ રિયાઝ વચ્ચે પસંદગી મુદ્દે મતભેદ

લાહોર, તા. 24 (પીટીઆઈ) : ઈંગ્લેન્ડમાં ચાલી રહેલા ટી20 વર્લ્ડકપમાં મેદાન પર ખરાબ પ્રદર્શનનો સામનો કરી રહેલી પાકિસ્તાનની ટીમના ડ્રેસિંગ રૂમમાં વાતાવરણ ખૂબ જ તણાવપૂર્ણ છે અને આંતરિક મતભેદોનો ટીમે સામનો કરવો પડી રહ્યો હોવાના અહેવાલ છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આ અહેવાલોની પુષ્ટિ કે ખંડન કર્યું નથી, પરંતુ સોશિયલ અને મુખ્ય પ્રવાહના મીડિયામાં એવા અહેવાલો છે કે ટીમમાં ઘણી સમસ્યાઓ ચાલી રહી છે. રિપોર્ટમાં જણાવાયું છે કે પસંદગીના મુદ્દાઓ પર કેપ્ટન ફાતિમા સના અને ટીમના માર્ગદર્શક વહાબ રિયાઝ વચ્ચે નોંધપાત્ર મતભેદો છે. બાંગ્લાદેશ સામેની મેચ પહેલા, સનાએ સિનિયર ખેલાડી આલિયા રિયાઝના રૂમમાં તેની પતિના રહેવા સામે વાંધો ઉઠાવ્યો હતો. એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, સનાના વાંધાથી અલી યુનિસને રૂમ છોડવાની ફરજ પડી હતી. દરમિયાન, બાંગ્લાદેશ સામેની મેચના એક દિવસ પહેલા, આલિયા પ્રેક્ટિસ છોડીને તેના પતિ સાથે પિકનિક પર ગઈ હતી.